સોપારી!

સમયનું પાછળ રહી ગયેલું એક પાનું પલટાવીએ તો સોપારીનું સ્થાન જાજરમાન વ્યક્તિત્વની મુઠ્ઠીમાં હતું! અથવા એમ કહી શકાય કે સોપારી સુખી ઘરની શોભા હતી. જમ્યા પછી મુખવાસ તરીકે સુખી માણસો સોપારીનો ઉપયોગ કરતા હતા. નાગર બ્રાહ્મણોને તો એકાદ દિવસ જનોઈ વગર ચાલી જાય, પણ સોપારી વગર ના ચાલે! હીંચકો પણ જોઈએ. હીંચકે ઝૂલતાં ઝૂલતાં જ સરોતા વડે સોપારી કાતરીને મુખમાં ફાકો મારતા નાગર બ્રાહ્મણનો ઠાઠ જોવા જેવો હતો! સોપારીનો પણ એક ઠાઠ હતો - ઠસ્સો હતો!

આજે સોપારી બીભત્સ ગાળ બની ગઈ છે!

આજે સોપારી સુખી માણસના શોખને બદલે ગુંડાઓનો કોડવર્ડ બની ગઈ છે. હવે મુખવાસ માટે નહિ, પણ કોઈનું ખૂન કરવા માટે સોપારીનો ઉપયોગ થાય છે. આ સોપારી હવે સરોતાથી નહિ - તલવાર અને તમંચાથી કપાય છે અને કપાય છે ત્યારે એ માણસની લાશ બનીને ઢળી જાય છે! કોઈનું ખૂન કરવા માટે સોદો થાય છે ને જે રકમ ચૂકવાય છે, એને આ ગુંડાજગતમાં સોપારી કહેવાય છે!

બિહારીએ પણ ત્રણેક વાર સોપારી લીધી હતી. એમાંથી પાર પડતાં એ હિંસક દાદો બની ગયો હતો. આસપાસના સમાજમાં એની ધાક વર્તાવા લાગી હતી.

આજે એને સોપારી લીધા વગર જ શહેરના એક ઊંચા ગજાના શાહસોદાગરની લાશ પાડી દેવી હતી. આ સોપારી લેવાનો પ્રશ્ન નહોતો - એનો અંગત પ્રશ્ન હતો. પોતાનું અંગત વેર વાળવું હતું અને આજે સવારથી જ એના મનમાં હિંસાનું ભૂત ભરાયું હતું. હવે રાહ નથી જોવી! આજે તો એ જે. કે. એન્ટરપ્રાઇઝીસના ચૅરમૅનને પાડી જ દેવો છે!

આજ સવારથી બિહારીના મનમાં જેટલો ઉશ્કેરાટ વર્તાતો હતો એટલો જ ઉશ્કેરાટ શહેરના જાહેર જીવનમાં વર્તાતો હતો! કૉલેજના એક રાજકીય

પ્રેરિત વિદ્યાર્થી જૂથે આંદોલન શરૂ કર્યું હતું અને એના ભાગરૂપે આજે શહેરમાં રૅલી નીકળવાની હતી. રાજકીય તત્ત્વો વિદ્યાર્થી આંદોલનની આડમાં તોફાનો કરાવવાની ગોઠવણીમાં પડ્યાં હતાં. સામાન્ય પ્રજામાં ફફડાટ હતો. તોફાનો થશે - આગ, લૂંટ અને હત્યાઓનું તાંડવ રચાશે. કરફ્યુની કેદમાં પુરાઈ જવું પડશે, એવો ખ્યાલ બધાને આવી ગયો હતો, કારણ કે નજીવી વાતમાંય હિંસક તોફાનો ફાટી નીકળવાં, એ આ શહેરનો શિરસ્તો બની ગયો હતો. આ શહેરમાં તો ગાય ભડકીને ભાગે તો પણ નાસભાગ મચી જાય છે, ને એમાંથી હિંસક તોફાનો ફાટી નીકળે છે! લોકો આ પરિસ્થિતિથી ટેવાઈ ગયા હતા અને એટલે જ વિદ્યાર્થી આંદોલન હિંસક રૂપ ધારણ કરશે એવી ધારણા બધાના મનમાં ગોઠવાઈ ગઈ હતી.

અને બિહારીને પણ પેલા ચૅરમૅનને આજે જ પતાવી નાખવાનું ભૂત ભરાયું હતું. એ માટે આજના દિવસને એ સારો દિવસ ગણતો હતો. વિદ્યાર્થીઓની રૅલી નીકળશે અને શહેરની તમામ પોલીસ રૅલીની આસપાસ તહેનાત કરી દેવામાં આવશે. ચૅરમૅનનું ખૂન કરવા માટે બિહારી આને સારામાં સારી તક સમજતો હતો.

સાંજે પાંચ વાગ્યે રૅલી નીકળવાની હતી.

બિહારીએ છ વાગ્યાનો સમય નક્કી કર્યો હતો!

રાજકીય તત્ત્વોને અને ગુંડા તત્ત્વોને હિંસા માટે સાંજનો સમય જ કોણ જાણે કેમ અનુકૂળ લાગતો હતો.

પાંચ વાગ્યે રૅલી નીકળી ચૂકી હતી.

બિહારીએ ઘડિયાળમાં જોયું. ટેબલના ડ્રૉઅરમાંથી એણે રિવૉલ્વર કાઢી - આ રિવૉલ્વર એણે ગેરકાયદે રાખી હતી. રિવૉલ્વરના મૅગેઝિનમાં એણે ઠસોઠસ કારતૂસ ભરી લીધી. અને રિવૉલ્વર એણે ખૂલતા ટ્રાઉઝરના ખિસ્સામાં મૂકી અને તરત જ સડક પર આવી ગયો.

એને સયાજીગંજ વિસ્તારમાં આવેલા એક તોતિંગ ટાવર્સમાં આવેલી જે. કે. એન્ટરપ્રાઇઝીસની ઑફિસમાં પહોંચવું હતું.

બરાબર છ વાગ્યે એ ત્યાં પહોંચી ગયો, પણ ત્યાં જતાં જ પોલીસ, વિશેની એની ધારણા ખોટી પડી. બિહારી એમ માનતો હતો કે શહેરની તમામ પોલીસ વિદ્યાર્થીઓની રૅલીની આસપાસ તહેનાતમાં હશે અને બીજા વિસ્તારોમાં પોલીસનું નામનિશાન નહિ હોય, પણ અહીં તો જે. કે.ની ઑફિસમાં જ પોલીસનું એક

જબરજસ્ત ધાડું ઠલવાયું હતું. ક્લાસ-વન પોલીસ ઑફિસરો, ઇન્સ્પેક્ટરો, સબ-ઇન્સ્પેક્ટરો અને પંદર જેટલા હવાલદારોની ભીડને ત્યાં જોઈને બિહારી હેબતાઈ ગયો અને મનોમન વિચારવા લાગ્યો- અહીં આટલી બધી પોલીસ શા માટે આવી હશે! કંપનીના ચૅરમૅને પોતાના રક્ષણ માટે પોલીસ બોલાવી હશે? પણ એમને એવું કરવાની શી જરૂર? હું આજે એમનું ખૂન કરવાનો છું એ વાતની એમને જાણ થઈ હશે? પણ એવી જાણ શી રીતે થાય! એમનું ખૂન કરવાનો તો મેં મનોમન જ નિર્ણય કર્યો છે. એની તો ગંધ પણ કોઈને ન જાય, તો ચૅરમૅનને જાણ ક્યાંથી થાય? તો અહીં આટલી બધી પોલીસ કેમ આવી હશે? આખી ઑફિસમાં પોલીસ પથરાઈ ગઈ હતી. કૉરિડૉરમાં પણ પોલીસના માણસો ઊભા હતા.

બિહારી એક પિલ્લરની આડમાં જઈને ઊભો હતો. એણે ઘડિયાળમાં જોયું - સાડા છ વાગ્યા હતા!

ત્યાંથી પસાર થતા એક માણસને બિહારીએ પૂછ્યું,

‘અહીં શું થયું છે? આટલી બધી પોલીસ શા માટે આવી છે?’

‘હવાલા કૌભાંડ છે!’ પેલાએ ધીમેથી કહ્યું, ‘મુંબઈની પોલીસ આવી છે. સ્થાનિક પોલીસની મદદ લઈને રેઇડ પાડી છે. હવે આખી રાત તપાસ ચાલશે!’ કહીને પેલા ભાઈ સરકી ગયા. બિહારીએ મનોમન વિચાર્યુંઃ આખી રાત તપાસ ચાલવાની હોય ને આખી રાત પોલીસનો જાપ્તો રહેવાનો હોય તો મારું કામ શી રીતે થઈ શકવાનું હતું? અહીં ઊભા થઈ રહેવાનો પણ કશો અર્થ નથી! એણે ઘડિયાળમાં જોયુઃ સાત વાગ્યા હતા. એ તરત જ પાછો વળ્યો. આવ્યો હતો લિફ્ટમાં અને પાછા જતાં એણે દાદરનો ઉપયોગ કર્યો.

ઝડપથી એ દાદર ઊતરીને રોડ પર આવ્યો ત્યારે લોકોના ચહેરા એને હેબતાઈ ગયેલા લાગ્યા. બધા અધ્ધરશ્વાસે ઘરભેગા થવાની ઉતાવળમાં દેખાયા. શહેરમાં વાતાવરણ તંગ હોવાનો બિહારીને ખ્યાલ આવ્યો. એણે પણ ઝડપથી ઘરભેગા થવાનો નિર્ણય કર્યો. એક રિક્ષામાં બેસી ગયો, પરંતુ શહેરની વચ્ચોવચ આવીને રિક્ષા થોભી ગઈ અને રિક્ષાવાળાએ કહ્યું, ‘સાહેબ! રિક્ષા આગળ નહિ જઈ શકે! તોફાન શરૂ થઈ ગયું છે.’

બિહારી રિક્ષામાંથી ઊતરી પડ્યો અને ટૂંકા રસ્તે થઈ ઘરે પહોંચવા એણે ચાલવા માંડ્યું.

વિદ્યાર્થી આંદોલને હિંસક વળાંક લીધો હતો. સૌપ્રથમ ડેરી સંચાલિત દૂધનાં કેન્દ્રોને લક્ષમાં લીધાં અને દૂધનાં કેન્દ્રોનો ભુક્કો બોલાવી દેવાયો હતો. બસસ્ટૅન્ડ

તોડી પડાયાં હતાં અને આ હિંસક આંદોલનમાં તોફાની તત્ત્વો ભળી જતાં ખાનગી મિલકતોમાં લૂંટફાટ, તોડફોડ અને આગચંપી શરૂ થઈ ગઈ હતી! કારમી ચીસોના કોલાહલથી શહેર આખું ચિરાવા લાગ્યું હતું. જખમી થઈ ગયેલી લૂલીલંગડી અહિંસા કોઈક ગાંધીવાદીના ઝભ્ભાની બાંયમાં ભરાઈને બેચાર ક્ષણો વધુ જીવી લેવા મથતી હતી! દરેકની બગલમાં ગંધાતા પરસેવામાંથી નરદમ હિંસાની જ વાસ આવતી હતી! પીંખાઈ પીંખાઈને ચીંથરેહાલ થઈ ગયેલી શાંતિ પણ ગાંધીના વારસદારોનાં બારણાં ઠોકી ઠોકીને થાકી ગઈ, કોઈનુંય બારણું ખૂલ્યું નહિ! આખી જવાબદારી પોલીસના શિરે આવી હતી. પોલીસનો રઘવાટ લાઠીચાર્જ પર ઊતરી આવ્યો હતો અને છેવટે શાંતિ અને અહિંસાનું રક્ષણ કરવા પોલીસને પણ હિંસા જ આચરવી પડી! લાઠીચાર્જ અને ટિયરગૅસનો સતત મારો ચાલુ રાખ્યો છતાં તોફાનો વધતાં અને વિસ્તરતાં જ ગયા! છેવટે કરફ્યુ લાદી દેવામાં આવ્યો! માઇક દ્વારા કરફ્યુની જાહેરાત કરતી એક જીપકાર બિહારીની પડખેથી પસાર થઈ ગઈ. સડક પરના લોકોએ ગલીઓમાં અને પોળોમાં ભાગવા માંડ્યુ. બિહારી પણ એક પોળમાં ભરાઈ ગયો! બિહારીનું ઘર આઘું હતું. એને તો આજે જે. કે. એન્ટરપ્રાઇઝીસના ચૅરમૅનનું ખૂન કરવું હતું. તે થઈ શક્યું નહિ અને ખાલી ફેરો પડ્યો તેથી આજે એનો મૂડ બગડી ગયો હતો અને હવે ઘરે પહોંચીને સૂઈ જવાનો જ એનો વિચાર હતો.

ગલીને સામે છેડે આવીને મેઇન રોડ ઓળંગવાનો હતો. ગલીને નાકે આવી એણે આમતેમ જોયું, અને પછી એણે દોટ મૂકી. રોડ ઓળંગીને સામેની ફૂટપાથ પર પહોંચી ગયો. ફૂટપાથ પર થોડું ચાલીને બે ગલી પછીની ત્રીજી ગલીમાં એને ભરાઈ જવું હતું. ત્રીજી ગલીમાં પહોંચી જવાય તો ઝાઝો ભય રહેતો નહોતો. એ ગલી છેક એના ઘર સુધી જતી હતી, પરંતુ અત્યારે તંગ વાતાવરણમાં ત્રીજી ગલી પણ એને માઈલો દૂર લાગતી હતી. એણે ઝડપથી ચાલવા માંડ્યું. એક ગલી વટાવીને બીજી ગલીના નાકે આવ્યો ત્યારે જ બંદૂકધારી પોલીસ દોડતી એ તરફ આવી રહી હતી. બિહારી તરત જ દોડીને બીજી જ ગલીમાં ભરાઈ ગયો અને એક કાટખૂણિયા મકાનની દીવાલમાં જઈને અફળાયો. એને કશુંક પોચું પોચું લાગ્યું. એ ચોંક્યો! આંખો પહોળી કરીને જોવાનો પ્રયાસ કર્યો.

એક યુવતી ઊભી હતી! ઝાંખા અજવાળામાં એનો ચહેરો જેટલો સ્પષ્ટ નહોતો દેખાતો એથી વધુ સ્પષ્ટ એના ચહેરા પરનો ભય દેખાતો હતો!

બિહારી તરત જ થોડો આઘો ખસી ગયો.

પોલીસના બૂટનો ઢગલાબંધ અવા જ ફૂટપાથ પર વેરાવા લાગ્યો અને

બિહારીના કાને એ અવાજના ટુકડા વીણવા માંડ્યા.

બિહારીએ પોલીસની નજરથી પોતાની જાતને સંતાડવા માટે પેલી યુવતી તરફ પોતાની કાયાને સેરવી, પરંતુ આ વખતે યુવતીના સ્પર્શથી તો એ થોડો વેગળો જ રહ્યો - ખપ ખપ કરતું એસ.આર.પી.નું ધાડું એ બંનેની સામેથી પસાર થઈ ગયું. બિહારીની પડખે ઊભેલી યુવતીની કાયામાં લખલખું ફરી વળ્યું!

બિહારીએ ફરી એક વાર પાછળ ઊભેલી યુવતી તરફ જોયું. ક્ષણેક પૂરતી બંનેની દૃષ્ટિ એકબીજાની દૃષ્ટિમાં પરોવાઈ ગઈ. યુવતીની આંખમાં બિહારી પ્રત્યે અજાણી અપેક્ષા જાગી ઊઠી હતી! પરંતુ બિહારીએ પોતાની દૃષ્ટિ પાછી વાળી લીધી અને રોડ તરફ જોવા લાગ્યો. રોડ પર સ્ટ્રીટ લાઇટના ઝાંખા અજવાળામાં કરફ્યુનો સન્નાટો આળોટતો હતો.

ક્યાંક કશો અણસાર ન વર્તાતાં બિહારીએ જવા માટે પગ ઉપાડ્યા. યુવતીએ પાછળથી એના ખભા ઉપર હાથ મૂક્યો! બિહારીએ પાછળ ફરીને જોયું,

યુવતીના હોઠ ફફડવા લાગ્યા, 'મને મારા ઘરે મૂકી આવશો?'

'ના!'

બિહારીની આ ચોખ્ખી 'ના'માં યુવતીને લાગણીનો એક છાંટોય દેખાયો નહિ, છતાં એ અપેક્ષિત નજરે બિહારી સામે જોઈ રહી. બિહારીએ પણ એની દૃષ્ટિની યાચના વાંચી લીધી અને ખુલાસો કરતાં બોલ્યો, 'અત્યારે હું જ મારા ઘરે પહોંચવાની ચિંતામાં છું!'

એણે ફરી ચાલવા માટે પગ ઉપાડ્યા. યુવતીએ એનો હાથ ઝાલી લીધો, 'મને એકલીને અહીં બીક લાગશે!'

'તો હું શું કરું? આ સ્થિતિમાં હું તને શી રીતે મૂકવા આવું? મારું ઘર તો નજીકમાં છે. બાજુની ગલીમાં પેસી જઈશ તો સીધો ઘરે પહોંચી જઈશ!'

'તો મને તમારા ઘરે લઈ જાવ!'

'પછી?' બિહારી જાણે અવાચક થઈ ગયો હોય એ રીતે પૂછી બેઠો!

'આજની રાત તમારા ઘરે રહીશ. સવારે ચાલી જઈશ!'

'ના! અત્યારે... આ સ્થિતિમાં હું કોઈનેય મારા ઘરે લઈ જઈ શકું તેમ નથી!'